**પોલીસ અધિક્ષકની કચેરી ખેડા-નડીયાદ**

**જિલ્લા પોલીસ ગેઝેટ નં.૪૩/૨૦૧૩**

**તા.૨૧/૧૦/૨૦૧૩ થી તા.૨૭/૧૦/૨૦૧૩ સુધી**

## (૧) રજા વિભાગ

**(૧૧૨૬) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/પ્રા.રજા/વ.૨૧૬૮/૧૩/૨૩૦૧૦ તા.૨૧/૧૦/૨૦૧૩**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની તેમના નામ સામે જણાવ્યા મુજબની પ્રાપ્ત રજા મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | હોદ્દો | નામ/બ.નં./પો.સ્ટે. | રજા માગવાનું કારણ | રજાનો નિકાલ |
|---|---|---|---|---|
| ૧ | એ.એસ.આઇ. | મહેન્દ્રકુમાર ભાથીભાઇ બ.નં.૧૨૮૭ નડીયાદ (ગ્રામ્ય) તાલુકા એલ.આઇ.બી. | માતૃશ્રીના મરણ બાદ ક્રિયાકર્મ અર્થે | તા.૧૧/૦૯/૨૦૧૩ થી તા.૨૫/૦૯/૨૦૧૩ દિન – ૧૫ ની પ્રાપ્ત રજા |
| ૨ | આ.પો.કો. | પ્રવિણસિંહ ચિમનસિંહ બ.નં.૦૧૦૭ ખેડા હેડકવાટર્સ | મકાનમાં સુધારા વધારા કરવા માટે | છુટા થયા તારીખથી દિન-૨૦ ની પ્રાપ્ત રજા |

## (૨) બદલી વિભાગ

-----------------------------------------નીલ-----------------------------------------

## (૩) શિક્ષા વિભાગ

**(૮૭) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૨૮૧૨ –A/૨૦૧૩ તા.૧૭/૧૦/૨૦૧૩**

નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદની કચેરીના હુકમ ક્રમાંકઃએ/મકમ/બદલ/લો.ર./૧૩/૫૬૦૫ તા.૩૦/૦૯/૨૦૧૩ માં જણાવેલ હુકમ આધારે બિન હથિયારી લોકરક્ષક પરેશકુમાર રમેશભાઇ બ.નં.૭૦૯નાઓની અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા ખાતે બદલી કરવામાં આવેલ છે.

૨/- મજકુર બિન હથિયારી લોકરક્ષકનાઓને પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના હુકમ ક્રમાંકઃ૧૦૪/મકમ/એસ.સી./આં.જી.બ/વ.૩૨૦૩૯/૨૦૧૩ તા.૦૧/૧૦/૨૦૧૩ થી ખેડા જિલ્લા ખાતે બદલી ઉપર હાજર થવા છુટા કરવાનો હુકમ થતાં રી.પો.સ.ઇ. પોલીસ મુખ્ય મથક, અમદાવાદ (ગ્રામ્ય) નાઓએ વંચાણે લીધા (૩) રી.પો.સ.ઇ. પોલીસ મુખ્ય મથક, અમદાવાદ (ગ્રામ્ય) ની કચેરીના પત્ર જાવક ક્રમાંકઃ૧૬૮૧/૨૦૧૩ તા.૧૭/૧૦/૨૦૧૩થી તેઓને તા.૧૫/૧૦/૨૦૧૩ ના રોજ કચેરી સમય બાદથી છુટા કરતાં તા.૧૬/૧૦/૨૦૧૩ ના રોજ બકરી ઇદના તહેવારની જાહેર રજા હોવાથી મજકુર બિન હથીયારી લોકરક્ષક તા.૧૭/૧૦/૨૦૧૩ના રોજ કચેરી સમય પહેલાં હાજર થવા અત્રેની કચેરી ખાતે આવતા, તેઓને હાજર કરી “આતરસુંબા પો.સ્ટે.” ખાતે નિમણુંક આપવામાં આવેલ છે.

**(૮૮) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/ફ.મો./૨૨૮૧૨- B/૨૦૧૩ તા.૧૭/૧૦/૨૦૧૩**

તમો બિન હથિયારી લોકરક્ષક પરેશકુમાર રમેશભાઇ બ.નં.૦૩૭૬ નોકરી આંતરસુબા પો.સ્ટે. નાઓએ ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની ગેરશિસ્ત દાખવેલ છે તે એવી રીતે કે,

તમો અમદાવાદ (ગ્રામ્ય) ખાતેની ફરજ દરમ્યાન આશરે છ માસ દરમિયાન કોઇપણ સમયે તમોએ ફરીયાદીના મોબાઇલ ફોન ઉપર ખોટા એસ.એમ.એસ. કરી સાહેદણ કૌલમીનો હાથ પકડી પોતાની ગાડીમાં બેસાડી છાતી દબાવી ઇજ્જત લેવાની કોશિષ કરતા ફરીયાદી અલ્પાબેન તે પંકજભાઇ ઇશ્વરલાલ સતાણીના પત્નીએ તમારી વિરૂધ્ધ ફરીયાદ આપતાં બોપલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૦/૨૦૧૩ ઇ.પી.કો. કલમ ૩૫૪ મુજબ ગુનો તા.૨૫/૦૭/૨૦૧૨ ના રોજ દાખલ થયેલ. જે ગુનાના કામે તમોને તા.૨૬/૦૯/૨૦૧૩ ના રોજ ક.૧૯/૪૫ વાગે અટક કરવામાં આવેલ છે. આ ગુનાના કામે ઇ.પી.કો. કલમ ૩૫૪-એ(૩)(ડી) નો ઉમેરો કરવા નામદાર અદાલતને અહેવાલ મોકલી આપવામાં આવેલ છે. તેમજ તા.૩૦/૦૯/૨૦૧૩ ના રોજ ક.૧૬/૦૦ સુધીના પોલીસ રીમાન્ડ મંજુર કરવામાં આવેલ. જે રીમાન્ડ સમય પુરો થતાં તમોને નામદાર અદાલત સમક્ષ રજુ કરતાં ન્યાયિસ્ક હિરાસતમાં સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ. ત્યારબાદ ચીફ જયુ.મેજી.શ્રી, અમદાવાદ (ગ્રામ્ય) અદાલત, મીરઝાપુરનાઓએ તા.૦૧/૧૦/૨૦૧૩ ના રોજ તમારી જામીન અરજી બાબતે સુનાવણી હાથ

ધરી તમારી જામીન અરજી નામંજુર કરેલ છે. આમ, તમો શિસ્તબધ્ધ એવા પોલીસ બેડામાં ફરજ બજાવતા હોવા છતાં તથા કાયદાના જાણકાર હોવા છતાં ગુનાહિત પ્રવૃત્તિ આચરી ઉક્ત ગંભીર ગુનામાં સંડોવાયેલ હોઇ જે કસુર બદલ મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમ-૩(૧-અ)(૧) ની જોગવાઇ હેઠળ તમોને તા.૧૭/૧૦/૨૦૧૩ના રોજથી અમલમાં આવે તે રીતે ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવે છે અને તમારૂં ફરજ મોકુફી દરમિયાનનું મુખ્ય મથક **" આંતરસુંબા પો.સ્ટે."** નક્કી કરવામાં આવેલ છે.

૨/- ફરજ મોકુફીના પ્રથમ છ માસ માટે તમો અર્ધપગારી રજા ઉપર હોય તો તમોને જે પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ જેટલું તમોને નિર્વાહભથ્થું મળશે.

૩/- હાલમાં તમોને જે નિયત પગાર મળે છે તેના ૫૦ ટકા પગાર જ મળવાપાત્ર થશે.

૪/- ફરજ મોકુફીના સમયગાળા દરમ્યાન તમો પોલીસ કર્મચારી મટી જતા નથી, જે તમોએ ધ્યાનમાં રાખવું અને તમારી ફરજ મોકુફ કર્યા પહેલાની પોલીસ ખાતાની તમામ જવાબદારીઓ શિસ્ત અને નિયમને પાત્ર રહેશે, પરંતુ પોલીસ કર્મચારી તરીકે સત્તાઓ, કર્તવ્ય અને હક્કો ફરજ મોકુફીના સમયમાં મોકુફ કરવામાં આવે છે.

૫/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તમારૂં મુખ્ય મથક છોડવાના પ્રસંગે સક્ષમ અધિકારીને પુરૂ સરનામું આપવાનું રહેશે. તથા જાણ કર્યા સિવાય મુખ્ય મથક છોડવામાં આવશે તો તમારુ નિર્વાહ ભથ્થું તે સમય માટે ચુકવવામાં આવશે નહી.

૬/- ગુજરાત સેવા વર્તણુંક નિયમો ૧૯૭૧ ના નિયમ-૧૫ ની જોગવાઈની દ્રષ્ટિએ ફરજ મોકુફીના સમય દરમ્યાન કોઈ ખાનગી નોકરી/ધંધો કરી શકાશે નહી. જો ફરજ મોકુફીના સમય દરમ્યાન નોકરી/ધંધો કરશો તો તે ગેરવર્તણુંક બદલ ગુનેગાર ઠરશો અને તમારા વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવાને પાત્ર થશે અને નિર્વાહ ભથ્થું મેળવવાનો હક્ક પણ ગુમાવશો.

**(૮૯) ક્રમાંકઃમકમ/એસબી-૧/પોકો/નિયમિત/૨૨૯૬૭/૨૦૧૩ તા.૨૧/૧૦/૨૦૧૩**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંકઃરહમ/૧૬/ક-૨/પોકો/નિમણુંક/જુકા-૯૭૩/૧૭૨૨ તા.૧૧/૦૬/૨૦૦૮ થી (૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંકઃરહમ/૧૬/ક-૨/પો.કો/નિમણુંક/ભાગ-૬/૨૦૮૩ તા.૦૨/૦૭/૨૦૦૮ માં નિર્દિષ્ટ કરેલ હુકમ અનુસાર બિન હથિયારી/હથિયારી લોકરક્ષક તરીકે પસંદગી પામેલા ઉમેદવારોની ખેડા જિલ્લા ખાતે ફાળવણી કરવામાં આવતા. તેઓની તબીબી ચકાસણી કરાવી યોગ્ય ઠરતા અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃમકમ/એસબી-૧/૧૮૬૫/૨૬૪૯૮/૦૮ તા.૦૮/૦૭/૨૦૦૮ થી (૫) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃમકમ/એસબી-૧/૨૭૭૭૪/૦૮ તા.૨૩/૦૭/૨૦૦૮. ના હુકમથી સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંકઃમહક/૧૦૯૨/૨૦૮૮/સ(ભાગ-૩) તા.૨૧/૦૧/૨૦૦૪ ના ઠરાવમાં જણાવેલ બોલીઓ અને શરતોને આધિન, સામેલ રાખેલ પત્રકમાં દર્શાવેલ બિન હથિયારી/હથિયારી લોકરક્ષકોને કામ ચલાઉ અને હંગામી ધોરણે માસિક નિયત વેતન રૂ.૨૫૦૦/-માં પાંચ વર્ષ માટે નિમણુંક આપવામાં આવેલ હતી. ત્યાર બાદ તેઓ તાલીમ સંસ્થા ખાતે તાલીમ ઉતીર્ણ કરી ખેડા-નડીયાદ જિલ્લા ખાતે પરત આવતા તેમને અજમાયશી સમય હેઠળ તેઓના નામ સામે દર્શાવેલ પો.સ્ટે. ખાતે નિમણુંક આપવામાં આવેલ હતી.

૨/- આ બિન હથિયારી/હથિયારી લોકરક્ષકોએ અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોઇ તેઓની બિન હથિયારી/હથિયારી પોલિસ કોન્સ.ના સંવર્ગમાં નિયમિત નિમણુંક કરવા આથી હુકમ કરવામાં આવે છે. અને તેઓનો બિન હથિયારી/હથિયારી પોલિસ કોન્સ.ના પગાર ધોરણમાં પે બેન્ડ રૂ.૫૨૦૦-૨૦૨૦૦ તથા ગ્રેડ પે રૂ.૧૮૦૦/- માં રૂ.૭૦૦૦/- પગાર નક્કી કરવામાં આવે છે.

૩/- પત્રકમાં દર્શાવેલ બિન હથિયારી/હથિયારી લોકરક્ષકોનો અજમાયશી સમયગાળો કોલમ ક્રમ(૫)માં જણાવેલ તારીખના રોજ પૂર્ણ થયેલ છે, પરંતુ અજમાયશી સમયગાળા દરમ્યાન કોલમ ક્રમ(૬)માં દર્શાવ્યા મુજબની કપાત પગારી રજા મંજુર થતાં કોલમ ક્રમ(૭)(સાત)માં જણાવ્યા મુજબની તારીખથી બિન હથિયારી/હથિયારી પોલિસ કોન્સ. તરીકે નિયમિત નિમણુંક આપી પગાર નકકી કરવામાં આવે છે, તેમજ તેઓને હાલની નિમણુંકવાળી જગ્યાએ ચાલુ રાખવામાં આવે છે.

૪/- પત્રકમાં દર્શાવેલ બિન હથિયારી/હથિયારી લોકરક્ષકોનો પોલિસ કોન્સ. સંવર્ગમાં સમાવેશ થતાં તેઓએ સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જી.ઓ.આઇ./ ૧૦/પી. અન્વયે નવવર્ધિત પેન્શન યોજના હેઠળ કાયમી પેન્શન ખાતા નંબર મેળવવાનો રહેશે. અને મુળ પગાર + ગ્રેડ પેના ૧૦ ટકા લેખે સી.પી.એફ.ફાળો ફરજીયાત કપાત કરાવવાનો રહેશે.

૪/- પત્રકમાં દર્શાવેલ પોલિસ કર્મચારીઓનો પગાર ઓનલાઇન નક્કી કરી અલાયદો હુકમ મોકલવામાં આવશે.

**પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદ પાંચ વર્ષ પૂર્ણ કરેલ લોકરક્ષકની યાદીઃ-**

**બિન હથિયારી/હથિયારી લોકરક્ષક**

| અ.નં. | નામ/હોદ્દો/બ.નં. | ફરજનું સ્થળ | ભરતી તારીખ | પાંચ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | બિન પગારી રજાની વિગત | પાંચ વર્ષ પૂર્ણ કર્યા બાદ પો.કો. સંવર્ગના પગાર ધોરણમાં મુકેલ તારીખ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે.- ૧૮૦૦ પગાર ધોરણમાં નકકી કરેલ પગાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બિનહથિયારી લો.ર.અજીતસિંહ સાલમસિંહ વાઘેલા બ.નં.૦૧૭૬૨ | વસો પો.સ્ટે. | તા.૧૦/૦૭/૨૦૦૮ | તા.૦૯/૦૭/૨૦૧૩ | ૦૫-દિવસ | તા.૧૫/૦૭/૨૦૧૩ | ૫૨૦૦ + ૧૮૦૦= ૭૦૦૦ |
| ૨ | હથિયારી લો.ર.ભાનુભાઇ ડાહ્યાભાઇ મકવાણા બ.નં.૦૩૮૧ | નડીયાદ (શહેર) પો.સ્ટે. | તા.૩૧/૦૭/૨૦૦૮ | તા.૩૦/૦૭/૨૦૧૩ | ૦૨-દિવસ | તા.૦૨/૦૮/૨૦૧૩ | ૫૨૦૦ + ૧૮૦૦= ૭૦૦૦ |

**(૪) ઇજાફા-બઢતી વિભાગ**

---------------------------------------નીલ-------------------------------------

**(૫) ઇનામ વિભાગ**

---------------------------------------નીલ-------------------------------------

**(૬) રાજીનામું/નિમણુંક/નિવૃત/અન્ય વિભાગ**

---------------------------------------નીલ-------------------------------------

**સહી/-**
**(કે.એન.રાજપુત)**
કચેરી અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
ખેડા-નડીયાદ

**પ્રતિ,**

જીલ્લાના તમામ પોલીસ અમલદારો તરફ/તમામ સી.પી.આઇ./રીપોસઈ ખેડા હેકવા./તમામ શાખા

**નકલ રવાનાઃ**- મદદનીશ પો.અધિ.શ્રી નડીયાદ/ના.પો.અધિ.કપડવંજ/મુ.મ.ખેડા-નડીયાદ
હિસાબી શાખા (૪ પ્રત)/ડીપીજી.